### મોડાસામાં ખરીદ કેન્દ્ર પર ટેકાના ભાવે

# મગફળી વેચવા ખેડૂતોની કતારો લાગી





મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના ૭ કેન્દ્રો ઉપરથી હાલ ટેકાના ભાવે મગફળી ખરીદી નાફેડ દ્વારા કરાઈ રહી છે. ૩૦ જાન્યુઆરી સુધી કરવામાં આવનાર આ ખરીદીને લઈ હવે રજીસ્ટ્રેશન કરાયેલા ખેડૂતો પોતાની મગફળીનો જથ્થો ટેકાના ભાવે વેચવા ખરીદ કેન્દ્રો ઉપર ઉમટી રહયા છે. મોડાસા ખાતેના ખરીદ કેન્દ્ર ઉપર ગુરુવારે બે દિવસની રજા પછી શરુ થયેલી મગફળીની ખરીદીમાં સતત બીજા દિવસે ખેડૂતોના વાહનોની કતારો જોવા મળી હતી અને આ દિવસે જિલ્લાના ૭ કેન્દ્રો ઉપરથી ૧૭૯૯ કવીન્ટલ મગફળીની ખરીદી કરાઈ હોવાનું સૂત્રો દ્વારા જણાવાયું હતું.

ચાલુ વર્ષે રાજય સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી ખરીદવાની જવાબદારી નાફેડને અપાઈ છે. પુરવઠા નિગમ દ્વારા અરવલ્લી જિલ્લામાં ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદાઈ રહી છે. ત્યારે હવે ગણતરીના દિવસો જ બાકી હોઈ મગફળી વેચવા ખેડૂતોનો ધસારો ખરીદ કેન્દ્રો ઉપર જોવા મળી રહયો છે. ગુરૂવારના રોજ મોડાસા ખાતેના મગફળી ખરીદ કેન્દ્ર ઉપર મગફળી વેચવા આવેલ ખેડૂતોના વાહનોની કતારો જામી હતી. ખરીદ કેન્દ્રના સૂત્રોના જણાવ્યા મુજબ ગુરૂવારે જિલ્લાના ૭ કેન્દ્રો ઉપર ૧૭૯૯ કવીન્ટલ મગફળીની આવક નોંધાઈ હતી. જિલ્લામાં ૧૪૫૦૦ ખેડૂતો દ્વારા નિર્ધારીત સમયમાં મગફળી વેચવા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવાયું છે. આજ દિન સુધીમાં જિલ્લાના ૧૨૦૧૫ ખેડૂતોને મગફળી વેચવાના મેસેજ કરી દેવાયા છે. તે પૈકી ૮૯૧૭ ખેડૂતો દ્વારા કેન્દ્રો ઉપર ૧.૫૭ લાખ કવીન્ટલ મગફળીનું વેચાણ કરાયું છે. મગફળી વેચવા આવેલ ૮૯૧૭ ખેડૂતો પૈકી ૧૧ ખેડૂતોની મગફળી ગુણવત્તાના માપદંડો હેઠળ રીઝેકટ કરાતાં આવા ખેડૂતોને મગફળી વેચ્યા વીના પાછા ફરવાનો વારો આવ્યો હોવાનું પણ સૂત્રો દ્વારા જણાવાયું હતું. જયારે જિલ્લાના ૭ કેન્દ્રો ઉપર ૩૦ કીલોના ૫૧૬૬૦૪ બારદાન, ૩૫ કીલોના ૭૯૬૯ બારદાન અને ૧૦૦ કીલોના ૫,૨૪,૫૭૩ બારદાનનો વપરાશ કરાયો હોવાનું પણ જણાવાયું હતું.

હવે મગફળી ખરીદીના ગણતરીના દિવસો જ બાકી હોય અને ૩૦ જાન્યુઆરી સુધી જ ટેકાના ભાવે મગફળી ખરીદવાનો આદેશ હોઈ હજુ બાકી રહી ગયેલા ખેડૂતો મગફળી વેચવા ઉમટી પડશે ત્યારે ત્યારે ભારે ધસારો જોવા મળશે એમ મનાઈ રહ્યું છે.



માર્ગ સલામતી સપ્તાહ - રાજ્ય સરકાર દ્વારા લોકો ટ્રાફીકના નિયમોથી વાકેફ થાય અને માર્ગ અકસ્માત ઘટે તે ઉદ્દેશ્યથી માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે તે અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ૩૧ મા માર્ગ સલામતી સપ્તાહની ઉજવણીના અનુસંધાને પાલનપુરમાં સારથી મોટર્સ હીરો દ્વારા વાહન ચાલકોને વાહન કઈ રીતે હંકારવા સહિત ટ્રાફિકના નિયમોની માહિતી પણ આપવામાં આવી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો પણ જોડાયા હતા.

# ડીસા તાલુકામાં પવન ફૂંકાતા કાતિલ ઠંડીનો પ્રકોપ યથાવત

ડીસા, તા. ૧૭

ડીસા પંથકમાં હાડ થીજવતી ઠંડી વચ્ચે ગઈકાલે લઘુતમ તાપમાનનો પારો ૯.૪ ડિગ્રી નોંધાયો હતો.પરંતુ તાપમાનનો પારો નીચો જવા સાથે ઠંડો પવન ફૂંકાઇ રહ્યો હોવાથી કાતિલ ઠંડીનો પ્રકોપ યથાવત રહેવા પામ્યો છે. કોલ્ડવેવથી સમગ્ર જનજીવન પર અસર થવા પામી હતી. રાત્રિના માર્ગો પર લોકોની ચહલપહલ પણ ઓછી રહી હતી. હજી બે દિવસ કોલ્ડવેવ યથાવત રહેવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હોઈ કાતિલ ઠંડીનો પ્રકોપ જળવાઈ રહેશે.ડીસા હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુરુવારે તાપમાન ૯.૪ ડિગ્રી નોંધાયું હતું. પવનની ઝડપ ૩.૯ કિમી પ્રતિ કલાક અને દિશા ઉત્તર પશ્ચિમ નોંધાઈ છે. સતત બીજા દિવસે તાપમાનનો પારો નીચો રહેવા સાથે ઉત્તર દિશામાંથી ઠંડો પવન ફૂંકાઇ રહ્યો હોવાથી શીતલહેર પ્રસરી જવા પામી હતી. દિવસના પણ ઠંડા પવન ફૂંકાઇ રહ્યો હોઈ લોકોને ગરમ વસ્ત્રોનો સહારો લેવો પડ્યો હતો. રાત્રિના વાતાવરણ શીતગારમાં ફેરવાઇ ગયું હોય તેવી કાતિલ ઠંડીથી રાહત મેળવવા માટે લોકોને તાપણાં કરવા પડ્યા હતા. ઠંડીના પ્રકોપથી રાત્રિના માર્ગો પર લોકોની ચહલપહલ ઓછી થઈ જોવા મળતી હતી. હવામાન વિભાગ દ્વારા ૧૮મી જાન્યુઆરી સુધી ઠંડીનું જોર વધુ રહેવાની આગાહી કરવામાં આવી છે. જેથી હજી બે દિવસ લોકોને કાતિલ ઠંડીમાં ઠુંઠવાવું પડસે.

# દૂધસાગર ડેરીની યશકલગીમાં વધુ એક પીછું ઉમેરાયું...

### દૂધ સાગર ડેરી મહેસાણાને દેશની શ્રેષ્ઠ મોટા કદની કંપની તરીકેનો ઇન્ડિયન ડેરી એવોર્ડ ૨૦૨૦

પાલનપુર, તા. ૧૭

એગ્રીકલ્ચર ટુડે ગ્રુપ દ્વારા દૂધ સાગર ડેરી મહેસાણાને દેશની શ્રેષ્ઠ મોટા કદની કંપની તરીકેનો ઈન્ડિયન ડેરી એવોર્ડ ૨૦૨૦ આપવામાં આવ્યો.




એગ્રીકલ્ચર ટુડે ગ્રુપ એ વૈશ્વિક કૃષિ સામયિકોમાનું એક છે. જેનું મુખ્ય મથક દિલ્હીમાં આવેલ છે. જે આંતરરાષ્ટ્રીય કક્ષાના કૃષિ સંબંધિત મુદ્દાઓ અને નવીન સમાચારોને પ્રસિદ્ધ કરે છે અને વિશ્લેષણ કરે છે. આ મેગેઝીન કૃષિ ક્ષેત્રે બાયો ટેકનોલોજી, ફાર્મ મિકેનિકરણ, બીજ, ખાતરો, પાક સંરક્ષણ, બાગાયત, પશુપાલન, કૃષિ વ્યવસાય, સંશોધન અને માર્કેટિંગ વગેરે ક્ષેત્રની ચિંતાઓનું વિશ્લેષણ કરે છે. આ ગ્રુપ કુલ અલગ નવ વિભાગોમાં એવોર્ડ આપે છે. એમ સૌથી અગત્યના વિભાગ ''દેશની શ્રેષ્ઠ મોટા કદ ની કંપની''નો એવોર્ડ મહેસાણાની દૂધસાગર ડેરીને આપવામાં આવ્યો છે.

દૂધસાગર ડેરી મહેસાણાની સ્થાપના ૧૯૬૦માં કરવામાં આવી છે. અત્યારે તેની સાથે ૧,૩૪૧ દૂધ મંડળીઓ અને છ લાખ ૧૧ હજાર કરતા વધારે દૂધ ઉત્પાદકો જોડાયેલા છે. તેનું વાર્ષિક વેચાણ ૪૧૮૬ કરોડ રૂપિયા છે દૂધસાગર ડેરીની દૈનિક ક્ષમતા ૨૫ લાખ લીટર પ્રતિ દિવસ દૂધની પ્રક્રિયા કરવાની છે તેની સાથે તેના પાંચ અદ્યતન શીત કેન્દ્રો સંકળાયેલા છે. દૂધ સાગર ડેરી fssc 22000થી સર્ટિફિકેશન પામેલી છે. દૂધસાગર સિમેન સ્ટેશન સમગ્ર દેશમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવે. દૂધસાગર ડેરીએ ગ્રામ્ય વિસ્તારના અર્થતંત્રમાં વધારો કરવા તથા ગ્રામ્યકક્ષાએ રોજગારી સર્જનમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. સંસ્થા દ્વારા ખેડૂતોને કૃષિ સામે દૂધ ઉત્પાદનથી નિશ્ચિત રકમ આપવામાં મુખ્ય રોલ ભજવ્યો છે.

દૂધસાગર ડેરીને આ એવોર્ડ મળતા તેના ૬ લાખ કરતા વધારે દૂધ ઉત્પાદકો ગૌરવની લાગણી અનુભવે છે. દૂધસાગર ડેરીએ તેની સાથે સંકળાયેલ દૂધ ઉત્પાદકો વૈજ્ઞાનિક અને વેપારી ધોરણે પશુપાલન કરતા થાય અને તેની સાથે સંકળાયેલા દૂધ ઉત્પાદકોનો સામાજિક અને આથીક ઉદ્ધાર થાય તથા ગ્રામ્યકક્ષાએ પશુ પાલન ક્ષેત્રે રોજગારીનું સર્જન થતું રહે એ માટે પ્રતિબદ્ધ છે.

# ડીસા તાલુકાના શૌચાલય કૌભાંડમાં તલાટી સહિત અન્યોની પણ સંડોવણીની આશંકા

### કાગળ ઉપર ૬૨થી વધું શૌચાલય બનાવનાર સરપંચ સસ્પેન્ડ પણ બાકીનાનો બચાવ ?

ડીસા, તા. ૧૭

ડીસા તાલુકાના બુરાલ ગામના સરપંચે ૬૨થી વધુ શૌચાલય કાગળ ઉપર બનાવવાનું ખુલતા સસ્પેન્ડ કરાયા છે. પરંતુ જિલ્લાવ્યાપી આ કૌભાંડમાં તલાટીઓ સહિત અન્ય અધિકારીઓની પણ સંડોવણી હોવાની બાબતે ભારે જોર પકડ્યું છે. ત્યારે જિલ્લા અધિકારી દ્વારા તેની તટસ્થ તપાસ થાય તો અનેક સરકારી બાબુઓના પગ નીચેથી જમીન સરકી જાય તેમ છે.

કેન્દ્ર સરકારના સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત બનાસકાંઠા જિલ્લાના દરેક ગામોમાં ઘરે ઘરે સરકાર દ્વારા શૌચાલય બનાવવાની યોજના અમલમાં મુકવામાં આવી હતી પરંતુ ડીસા તાલુકામાં શૌચાલય યોજનામાં આચરાયેલ મસમોટો ભ્રષ્ટાચાર દિન પ્રતિદિન બહાર આવી રહ્યો છે. જેમાં તત્કાલીન ટી.ડી.ઓ. સહિત સરકારી કર્મચારીઓ અને સરપંચોની સંડોવણી ખુલવા પામી છે. તાજેતરમાં બુરાલ ગામે આવો જ એક ઘટસ્ફોટ સામે આવ્યો છે. જેથી કાગળ ઉપર શૌચાલય બનાવી રકમ ઉપાડી લેવાના મામલે સરપંચ સસ્પેન્ડ કરાયા બાદ તલાટી સહિતના કર્મચારીઓ સામે સવાલો ઉભા થયા છે. શૌચાલયના ચુકવણાંમાં ગ્રામ વિકાસ એજન્સીથી માંડી તાલુકા પંચાયત અને તલાટી સહિતના કર્મચારીઓની ભુમિકા આવે છે. જેમાં સરપંચના સસ્પેન્ડ સામે કર્મચારીઓની ભુમિકા છતાં બચાવ થયો હોવાનું પ્રાથમિક તબક્કે સામે આવ્યુ છે. બુરાલ ગામે લાભાર્થીઓને શૌચાલયો બનાવવા માટેનો કોન્ટ્રાક્ટ સ્થાનિક સખી મંડળને આપી શૌચાલય બનાવ્યા પહેલા જ ચુકવણું કરી દેવાયુ હતુ. જેની રજૂઆત અને તપાસના અંતે જીલ્લા વિકાસ અધિકારીએ સરપંચ હરપાલસિંહ સોલંકીને સસ્પેન્ડ કર્યા છે. જોકે તત્કાલિન તલાટી સહિતના કર્મચારીઓની વહીવટી ભુમિકા છતાં બચાવ થતો હોઈ તાલુકા અને જીલ્લા પંચાયત સામે સૌથી વધુ સવાલો ઉભા થયા છે.



સુત્રોએ જણાવ્યુ હતુ કે ૭ લાખથી વધુનું ચુકવણું શૌચાલય બનાવ્યા વિના સ્થાનિક સખી મંડળને કરી દેવામાં આવ્યુ હતુ. જેનો અહેવાલ સ્પષ્ટ થતાં સરપંચના સસ્પેન્ડ બાદ સખી મંડળ હરકતમાં આવી ઉચાપતની રકમ ભરવાની તૈયારી બતાવી હોવાનુ સામે આવ્યુ છે. શૌચાલય કૌભાંડની રકમ પરત થવાની ગતિવિધિ હોઈ વહીવટી ફરજમાં આવતા તલાટી, બ્લોક કો-ઓર્ડિનેટર, કલસ્ટર કો-ઓર્ડિનેટર, એટીડીઓ (આઈઆરડી), હીસાબી અધિકારી, ટીડીઓ, જીલ્લા કો-ઓર્ડિનેટર અને નિયામક સહિતના સત્તાધિશો શંકાસ્પદ ભુમિકામાં આવ્યા છે. જોકે હાલ તો જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ની કલમ ૫૭, ૧ની જોગવાઈ અનુસાર માત્ર સરપંચને તાત્કાલિક અસરથી સરપંચ પદેથી દુર કરવામાં આવ્યા છે પણ આ પ્રકરણમાં તટસ્થ તપાસ થાય તો અનેક ચોંકાવનારી વિગતો બહાર આવી શકે તેમ છે જેમાં સરકારી બાબુઓ સુધી પણ રેલો આવવાનો પૂરેપૂરી શકયતા છે.

# અરવલ્લી જિલ્લામાં કેનાલ સફાઈના અભાવે હજ્જારો લીટર પાણીનો વ્યય



મોડાસા, તા.૧૭

અરવલ્લી સિંચાઈ વિભાગ દ્વારા કેનાલની સફાઈની કામગીરીમાં લાલીયાવાડી ચલાવવામાં આવતા કેનાલ ઉભરાવાની ઘણી ઘટાનાઓ સામે આવે છે. આજે વહેલી સવારે મોડાસાના બાયપાસ રોડ પર આવેલ ભેરૂંડ રોડ પરની માઝુમ કેનાલના માઈનોર ગેટમાં લીલ અને કચરો ભરાઈ જવાથી હજારો લીટર પાણીનો વ્યય થયો હતો.

કેનાલમાંથી પાણી બહાર નિકળવાની જાણ આસપાસના ખેડૂતોને થતા કચરો બહાર કાઢવામાં આવ્યો હતો જો કે ત્યાં સુધી વાહનોથી ધમધમતા રસ્તા પર પાણી પાણી થઈ ગયુ હતું. પાણી ભરાઈ જવાને કારણે વાહનચાલકો અને રાહદારીઓને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

### ખેડબ્રહ્મા તાલુકાના દુધલી ગામે

# દિવાલના કોટ પરથી પડી જવાથી બાળકનું કરૂણ મોત

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા તાલુકાના બનાવને પગલે તાત્કાલિક અસરથી બાળકને જનરલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો પરંતુ ડોક્ટરે મૃત હોવાનું જણાવતા પરિજનોને ધ્રાસકો લાગ્યો હતો. બાળકના પિતાએ પોલીસ સમક્ષ બાળકના મોતને લઈ કોઈ જવાબદાર ન હોવાથી પોસ્ટમોર્ટમ કર્યા વગર લાશનો કબજો મેળવ્યો હતો. ઘટનાને પગલે સમગ્ર પંથકમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતુ.

સાબરકાંઠા જીલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના દુધલી ગામે કોઈ કારણસર દિવાલ પરથી પડી જવાથી બાળકનું મોત થયુ છે. મનુભાઈ હરતાંભાઈ ઠાકોરનો પુત્ર નિખીલ નવિન મકાનની દિવાલના કોટ પર ચઢ્યો હતો. જોકે કાબુ ગુમાવતા અચાનક પગ લપસી પડતા દિવાલના કોટ પરથી પડી ગયો હતો. દિવાલ પરથી પડ્યા બાદ તાત્કાલિક ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ ખસેડ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબ દેવાંશિશ ત્રિવેદીએ બાળકને મૃત જાહેર કર્યો હતો.

સુત્રોએ જણાવ્યુ હતુ કે અકસ્માતે બાળકના મોતની ઘટનાને લઈ ખેડબ્રહ્મા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. જોકે મૃતક નિખીલના પિતા મનુભાઈ ઠાકોરે પોલીસને જણાવ્યુ હતુ કે મારા પુત્રના મોતને લઈ મને કોઈ ઉપર શંકા નથી. જેથી બાળકનું પોસ્ટમોર્ટમ કર્યા વગર જ તેનો મૃતદેહ લઈ ગયા હતા. આ તરફ ગામમાં નાના બાળનું મોત થયાનું જાણી સગાસંબંધીઓમાં ભારે ગમગીની ફેલાઈ ગઈ છે.

# ડીસામાં ખાદ્ય ચીજોમાં ભેળસેળીયા વેપારીને ૪.૨૦ લાખનો દંડ

જિલ્લાના આર્થિક એપી સેન્ટર એવા ડીસામાં મોટાપાયે ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળની કુપ્રવૃત્તિ વ્યાપક પ્રમાણમાં ફૂલી ફાલી છે તેમાંય શહેરના જી.આઈ.ડી.સી. વિસ્તારમાં કેટલીય બે નંબરી તેલ મિલો રાત્રીના સમયે ધમધમી ઉઠે છે જેમાં મોટાપાયે ભેળસેળયુક્ત અખાદ્ય તેલ, ઘી સહિત મરચા, હળદર



સહિતની વસ્તુઓમાં ભેળસેળ કરી જન આરોગ્ય સાથે જીવલેણ ચેડાં કરવામાં આવી રહ્યા હોવાની માહિતી આધારે શહેરમાં આવેલ એક ટ્રેડીંગ કંપનીમાંથી ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા સોયાબીન તેલ, મસ્ટડ ઓઈલ અને રિફાઈન તેલના સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ સેમ્પલ પરીક્ષણમાં ફેઈલ થતા નાયબ કલેક્ટર સમક્ષ કેસ ચાલ્યો હતો. જેમાં ભેળસેળ અને અખાદ્ય ચીજવસ્તુના વેચાણ મામલે વેપારીને રૂ .૪.૨૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. જેને લઈ ખાદ્ય પદાર્થની ચીજવસ્તુમાં ભેળસેળ કરતા તેલીયા રાજાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

વેપારી મથક ડીસામાં કેટલાક વેપારીઓ દ્વારા ખાદ્ય પદાર્થોમાં મિલાવટ કરવામાં આવતી હોવાની ફરિયાદોને લઈ પાલનપુર ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમ દ્વારા ફેબ્રુઆરી ૨૦૧૯માં ડીસા શિવધામ સોસાયટી પાછળ આવેલ જગનાથ ટ્રેડીંગમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અને અમૃત પ્રેમ સોયાબીન તેલ, સુપર વાઘ મસ્ટડ ઓઈલ, લક્ષ્મી મસ્ટડ ઓઈલ અને સાવિત્રી કાઠીયાવાડી રિફાઈન તેલના સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ સેમ્પલને વડોદરા ખાતે પરિક્ષણમાં મોકલવામાં આવ્યા હતા. જ્યાં પરીક્ષણમાં સેમ્પલ ફેલ થતા તેલમાં મિલાવટ મામલે નિવાસી અધિક કલેક્ટરની કોર્ટમાં કેસ ચાલતા જગનાથ ટ્રેડીંગ કંપનીના માલિક મહેશકુમાર અમૃતલાલ પંચીવાલાને ચાર સેમ્પલ દીઠ રૂ.૧.૦૫ લાખ લેખે રૂ. ૪.૨૦ લાખનો દંડ કરવામાં આવ્યો છે. જેને લઈ ભેળસેળ કરતા વેપારીઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. જોકે અગાઉ પણ આવી જ ભેળસેળ કરવા મામલે સાત કેસમાં ૧૧.૪૬ લાખનો દંડ કરાયો હતો. પાલનપુરના અધિક નિવાસી કલેક્ટર બાભણીયા દ્વારા એક માસ અગાઉ જિલ્લામાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ દ્વારા લેવામાં આવેલ સેમ્પલ ફેઈલ જતા ખાદ્ય પદાર્થમાં ભેળસેળના જુદા જુદા ૭ જેટલા કેસોમાં વેપારીઓને રૂ.૧૧.૪૬નો દંડ કરવામાં આવ્યો હતો.

# લાકડાની ચોરીના વહેમમાં ખેલાયો ખૂની ખેલ

### મેઘરજ તાલુકાના ભુવાલ ગામે બબાલમાં વચ્ચે પડેલ યુવકને ૫ શખ્સોએ રહેશી નાખ્યો

મેઘરજ, તા. ૧૭

મેઘરજ તાલુકાના ભુવાલ ગામે પોતાના ઘર બનાવવા લાવેલ લાકડાની વડીઓની ચોરીનો વહેમ રાખી બુધવાર રાત્રે ઝઘડો કરી પાંચ શખ્સોએ એક સંપ થઈ યુવકને કુહાડી અને લાકડીથી માર મારતાં ઝઘડો કરી યુવકની હત્યા કરી નાખી હતી. હુમલામાં બે મહિલા સહિત ત્રણ શખ્સોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. પોલીસે ગુરૂવાર સાંજે પાંચ વાગે પાંચેય આરોપીઓને પકડી જેલને હવાલે કરી તેમની સામે હત્યાનો ગુનો નોંધ્યો હતો.

ભુવાલ ગામના લક્ષ્મણ સવા ડામોર પોતાનુ નવીન ઘર બનાવવા લાકડાની વડીઓ લાવ્યા હતા. જેમાં કેટલીક વડીઓ કોઈક શખ્સો લઈ ગયા હોવાથી પોતાના ઘર બનાવવા માટે લાવેલ વડીઓ ચોરાઈ ગઈ હોવાથી લક્ષ્મણ સવા ડામોરે સહિતના શખ્સોએ પૂર્વગ્રહ રાખી બદઈરાદો પૂરો કરવા બુધવાર રાત્રે એક સંપ થઈ હાથમાં લાકડીઓ અને કુહાડીઓથી

**યુવકની હત્યામાં પકડાયેલા હત્યારાઓ**

કાના નાથા ડામોર
માંના નાથા ડામોર
લક્ષ્મણ સવા ડામોર
સંજય લક્ષ્મણ ડામોર
કલ્પેશ કાના ડામોર
(તમામ રહે. મોટીભુવાલ તા.મેઘરજ)

ભેમાભાઈ ભુરાભાઈ ડામોર સાથે તકરાર કરી ઝઘડો કર્યો હતો.

તે દરમિયાન ગલાભાઈ દેવાભાઈ ડામોરનાઓએ જણાવેલ કે આપણે કુટુંબ રીતે નિકાલ કરીશુ તમો આમ શું કામ કરો છો તેવુ કહેતાં તમામ આરોપીઓ એક સંપ થઈ આને પણ પૂરો કરી નાખવો છે તેવુ કહી કાના ગલા ડામોરે પોતાના હાથમાં રહેલ કુહાડી ગલાભાઈને માથામાં મારેલી તથા માંના નાથા ડામોરે પોતાના હાથમાં રહેલ કુહાડી તથા અન્ય શખ્સોએ પોતાના હાથમાં રહેલ લાકડીઓથી ફટકા માર્યા



હતા અને ઝઘડામાં ભીખાભાઈ રામાભાઈ ડામોર વચ્ચે પડતા ભીખાભાઈને પણ કુહાડીની મુદર અને લાકડીથી માર મારતાં ભીખાભાઈ રામાભાઈ ડામોર (૩૨) નું હુમલામાં મોત થયું હતુ. આ હુમલામાં મણીબેન રામાભાઈ ડામોર અને હીરાબેન ડામોરને પણ કુહાડી અને લાકડીઓથી માર મારતા ઈજાગ્રસ્ત થયા હતા. ઘટના અંગે મણીબેન રામાભાઈ ડામોર રહે. ભુવાલનાઓએ મેઘરજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા મેઘરજ પોલીસ સ્ટેશનના ઈ.પી.આઈ એન.કે. રબારીએ હત્યા અને હુમલા અંગેની ફરિયાદ નોંધી મેઘરજ પોલીસે પાંચેય આરોપીઓને ગુરૂવાર સાંજે પાંચ વાગે પકડી લઈ તમામ સામે યુવકની હત્યાનો ગુનો નોંધી જેલને હવાલે કર્યા હતા. ઘટનાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.